
ગાંધીનગર સમાચાર

તા. ૧૩-૮-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### મોદીનું દક્ષિણાયન : સર્વાશ્લેષી છતાં પ્રભાવહીન અભિયાન

જેમ જેમ ૨૦૧૪નું વર્ષ નજીક આવતું જાય છે તેમ ભાજપ આગામી પાંચ વર્ષ માટે સત્તા કબજે કરવાના એના વનપોઈન્ટ પ્રોગ્રામનું આયોજન કરતું જાય છે. મોદીને ચૂંટણી પ્રચારનું સુકાન સોંપી દીધા પછી એમના ચૂંટણી પ્રવાસની અધિકૃત શરૂઆત હૈદરાબાદથી કરાવાઈ તે સૂચક છે. કર્ણાટક એના હાથમાંથી છિનવાઈ ગયું છે અને તમિલનાડુ કે કેરળમાં ભાજપ માટે પ્રવેશબંધી જેવું વાતાવરણ પ્રવર્તે છે. આંધ્ર એક જ એવું રાજય છે જ્યાં દક્ષિણના ગઢમાં થોડુંઘણું પણ ગાબડું પાડવાની ભાજપ આશા રાખીને બેઠું છે. એટલા માટે તો ઊકળતા ચરુ જેવી સ્થિતિમાં ભાજપની નેતાગીરીએ આગળ-પાછળનો લાંબો વિચાર કર્યા વગર અલગ તેલંગાણા ચળવળને સીધો જ ટેકો જાહેર કરી દીધો હતો. બીજું કાંઈ નહીં તો છેવટે આ ચળવળને કારણે તેલંગાણા રાષ્ટ્ર સમિતિના ઉમેદવારોને મળનારી બેઠકો તો સંસદમાં પોતાના ટેકામાં રહેશે! પરંતુ આ જ મુદ્દે મોદીની હૈદરાબાદ સ્પીચ તદ્દન પાંગળી, પ્રભાવહીન અને શુષ્ક બની રહી. ખુદ મોદીના ચહેરા પર એ બોલી રહ્યા ત્યારે સામેથી સાનુકૂળ પ્રતિભાવ નહોતો મળી રહ્યો એનું પ્રતિબિંબ જોઈ શકાતું હતું. એમણે ઈંદિરાશૈલિમાં સ્થાનિક ભાષામાં ભાષણ વાંચ્યું, પછી વાજપેયી શૈલીમાં ઉગ્ર રજૂઆત કરી અને છેલ્લે ઓબામા શૈલીમાં 'યસ, વી કેન' જેવાં સૂત્રો બોલાવ્યાં. આવું અનુકરણ જ મોદીની આગવી પ્રતિભા માટે હાનિકારક નીવડે, તે એમને ભાષણના અંતે સમજાયું હશે. આશરે એક લાખ જેવી વિશાળ મેદની આકર્ષવામાં સફળ રહેલા 'રાષ્ટ્રનાયક' માટે આવો મોળો પ્રતિસાદ કદાચ એમના મિશન માટે અપશુકનિયાળ નીવડે તો નવાઈ નહીં. તેલંગાણાને રાજી કરતાં અખંડ આંધ્રની માગણી કરનારા નારાજ થાય; સીમાંધ્ર અને તેલંગાણા બેઉનો વિકાસ થવો જોઈએ એમ કહી એમણે થાબડભાણાં જરૂર કર્યાં પરંતુ એમને કયાં ખબર હતી કે હૈદરાબાદના યુવાનો માટે અખંડ આંધ્ર એ વધુ મહત્ત્વનો મુદ્દો હોઈ શકે! એમણે ખંડિત એનડીએ માટે સાથી પક્ષો ઓળવી લેવા માટે તેલુગુ દેશમના સ્થાપક એન.ટી. રામારાવનાં ભરપૂર વખાણ કર્યાં. તેઓએ દેશને કોંગ્રેસ મુક્ત સરકાર અપાવવામાં રામારાવના સિંહફાળાની યાદ અપાવી. જો કે એમને પણ ખબર છે કે તેલુગુ દેશમના નેતા ડો. ચંદ્રાબાબુ નાયડુ કોઈપણ સંજોગોમાં એમનું નેતૃત્વ સ્વીકારવા સહમત થવાના નથી. ઊલટાના એ તો ત્રીજા મોરચાના મહત્ત્વના ઘડવૈયા બનવા થનગની રહ્યા છે. નજીકના તામિલનાડુમાં જયલલિતા જયરામના 'સુશાસન'નાં વખાણ કરી એમણે અમ્માને પણ 'મેસેજ' પાઠવી દીધો. અમ્માએ વાજપેયીને છેલ્લી ઘડીએ ટટળાવ્યા હતા તે મોદી ભૂલી ગયા હશે? સૌથી ઉત્તમ કામ એમણે ભાજપના નેતાઓની પ્રશંસા કરવાનું કર્યું. આજ લગી જેમના ચહેરા એમને દીઠા નહોતા ગમતા એના અડવાણી, શિવરાજસિંહ ચૌહાણ અને રમણસિંહ માટે સારા શબ્દો બોલતાં એમને માંહ્યલીયા કેટલું વીત્યું હશે એ તો એમને ખબર. પરંતુ જે રીતે વયોવૃદ્ધ આંધ્ર નેતાઓને લળી લળીને નમન કરતા હતા એ જ રીતે એમણે આ નેતાઓનાં વખાણ કરીને પોતે એમને પૂરતું સન્માન આપે છે એ દેખાડવાનો પ્રયાસ જરૂર કર્યો. મોદી માટે હૈદરાબાદની સભા એક કસોટી હતી. સંખ્યા ભેગી કરવામાં તો એમને ધારી સફળતા જરૂર મળી, પરંતુ જે ખુમારી સાથે અને શ્રોતાઓને રમૂજ કરાવતાં કરાવતાં એમનાં દિલ જીતી લેવાની કળા એક નીવડેલા રાજકીય વકતા તરીકે હાંસલ કરી ચૂકયા છે, એનો આ વખતના ભાષણમાં સદંતર અભાવ વરતાતો રહ્યો. ચીન- પાકિસ્તાનની વાત કરીને કે જમ્મુ-કાશમીરનો મુદ્દો છેડીને તો કોઈપણ વક્તા ભારતીય નાગરિકોને બહેલાવી શકે; મોદી પાસે આંધ્રપ્રદેશમાં ભાજપને પ્રવેશ અપાવવા માટે કોઈ નક્કર સ્થાનિક મુદ્દો નહોતો, એ બહુ જ સ્પષ્ટપણે ઊપસી આવતાં એમના પ્રચાર અભિયાનના મંગલ પ્રારંભે જ એમને અમંગળનાં એંધાણ વરતાયાં હોય તો નવાઈ નહીં. મોદીનો કરિશ્મા હિન્દી પ્રદેશો પૂરતો ચાલી શકે, એથી આગળ ભાજપનો રથ હંકારવો મુશ્કેલ છે, એની પ્રતીતિ ખુદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના તથા ભાજપના મોવડી મંડળને પણ થઈ જ હશે.



ગાંધીનગરની જાણી કલા ગુર્જરી સંસ્થા દ્વારા પ્રેમ રસ વરસે વ્રજમાં નાટક ટાઉનહોલમાં ૧૦મી શનિવારે સાંજે યોજાયું હતું. કૃષ્ણ ભક્તિ આધારીત નાટકમાં પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની ગયા હતા.

## સરકારી વિનયન કોલેજમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

સરકારી વિનયન કોલેજ સેકટર-૧૫ ગાંધીનગર ખાતે 'મતદાન જાગૃતિ કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્ય ચૂંટણી અધિકારી ગુજરાત રાજય શ્રીમતી અનિતા કરવાલ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે વિદ્યાર્થીઓને ચૂંટણી અંગેના મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપીને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી પ્રક્રિયાની વિગતે સમજણ આપી હતી. સાથે સાથે વધુમાં વધુ યુવાનો મતદાન કરે તેવી અપીલ પણ વિદ્યાર્થીઓને કરી હતી.

વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકોએ પણ ચૂંટણી અંગેના પોતાને મૂંઝવતા પ્રશ્નો પૂછીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે આચાર્ય નિયતિબેન, એસ.આર.સી. ચેરમેન આર.એચ. ભટ્ટ તથા સમગ્ર કોલેજ પરિવાર હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રા. હિમ્મત ભાલોડિયાએ કર્યું હતું.

## કનીપુરમાં જિલ્લાની ખો-ખો સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાનો અંડર-૧૭ ખો-ખો ભાઈઓ-બહેનોનો રમતોત્સવ કે.આર. વકીલ વિદ્યાલય કનીપુર મુકામે યોજાયો હતો. સ્પર્ધામાં ગાંધીનગરની જે.એમ. ચૌધરી સ્કુલની બહેનોની ટીમ અને ડભોડાની ભાઈઓની ટીમ વિજેતા બની હતી.

જિલ્લા રમત ગમત અધિકારી બળદેવભાઈ દેસાઈ તથા જિલ્લા વ્યાયામ મંડળના પ્રમુખ દલસંગભાઈ ચૌધરીએ આ પ્રસંગે હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. ભાઈઓમાં એમ.એચ. વિદ્યાલય ડભોડાની ટીમ ચેમ્પિયન અને બહેનોમાં જે.એમ. ચૌધરી ગાંધીનગરની ટીમ વિજેતા બની હતી. બંને ટીમોને જિલ્લા રમતગમત અધિકારી અને પ્રમુખે અભિનંદન પાઠવ્યા હતા.

## ચૌધરી મહિલા કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સેકટર-૭ સ્થિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગરની એન.સી.સી. કેડેટસ તારીખ ૨ ઓગષ્ટથી ૧૧ ઓગષ્ટ સુધી સી.એ.ટી.સી. કેમ્પ ખાતે ફર્સ્ટ ગુજરાતની ગર્લ્સ બટાલિયન લો ગાર્ડન, અમદાવાદ ખાતે વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા માટે ગઈ હતી.

જેમાંથી ચૌધરી મહિલા આર્ટસ કોલેજની મહિલા બટાલિયન દ્વારા ખૂબ જ ઉત્કૃષ્ઠ દેખાવ કરવામાં આવ્યો હતો. જેમાં શાહુ રમીલા-૧૦૦ મી. દોડ, પંચાલ દક્ષા-ગોળા ફેંક, રામી ધારા-ડ્રીલ, ભગોરા યશ્વી-રાઈફલ શુટીંગ, પટેલ રુચા-નિબંધ સ્પર્ધામાં પ્રથમ આવી પાંચ ગોલ્ડ મેડલો મેળવ્યા હતા. જયારે પંચાલ દક્ષાએ ૧૦૦મી. દોડ, ડ્રીલ અને રાઈફલ ખોલો જોડો સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવી ત્રણ બ્રોન્ઝ મેડલો મેળવ્યા હતા.

વધુમાં શાહુ રમીલા, સંગાડા નિશાએ ગ્રુપ સોંગમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો તેમજ કબડ્ડીની સ્પર્ધામાં પણ કોલેજની ટીમે પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. આ સર્વે વિદ્યાર્થીનીઓને એન.સી.સી.ના એ.એન.ઓ. પ્રોફેસર સોનલ મોદી તેમજ આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરી તથા અધ્યાપક મિત્રોએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

## જે.એમ. ચૌધરી કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૭માં આવેલી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ તાજેતરમાં ટેકવોન્ડો સ્પર્ધામાં પ્રથમ, વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધામાં પ્રથમ, જિલ્લાકક્ષાની ખો-ખો સ્પર્ધામાં પ્રથમ અને મહિલા ખોખોમાં પ્રથમ આવ્યા હતા.

જિલ્લાકક્ષાની ટેકવોન્ડો સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની માસુમ ચૌધરી, આરજુ ચૌધરી, નીપા ચૌધરી, રીપલ ચૌધરી અને મનાલી જોશીએ પ્રથમ નંબર મેળવ્યો છે. એસ.વી.એસ. કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં કોમલ દોશી પ્રથમ ક્રમે અને નિબંધ સ્પર્ધામાં પ્રિયંકા પ્રજાપતિ પ્રથમ નંબરે વિજેતા બની હતી. જિલ્લાકક્ષાની ખો-ખો સ્પર્ધામાં શાળાની લલિતા ચૌધરી, હિના, ભાવના, ભારતી, સવિતા, બાવના સી. ચૌધરી, નીરલ, રેખા, રીપલ, આરજુ, જૈમિની અને મનિષા ચૌધરીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. મહિલા ખોખો સ્પર્ધામાં શીતલ, શ્રદ્ધા, સેજલ, વીમળા, મિનાક્ષી, રંજન, નીતા, ભગવતી, કિંજલ, જિજ્ઞાસા, વિધિ, હેતલ ચૌધરી જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જે રાજ્યકક્ષાએ રમવા જશે. શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા લીલાબેન ચૌધરી અને શિક્ષકગણે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતી નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં વિજ્ઞાન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરતા નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૧૨મી ઓગસ્ટના રોજ ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મદિન ઉજવવામાં આવ્યો હતો. મહાન વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈના જન્મદિન નિમિત્તે '૨૧મી સદીનાં અંતરિક્ષ ક્ષેત્રે ભારતનું યોગદાન' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની જુદી જુદી ૨૮ જેટલી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિનાદ ઠકકરનો પ્રથમ નંબર, અનિકેત જોષીનો દ્વિતીય નંબર અને રીયા ગાંધીનો તૃતીય નંબર આવ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને અનુક્રમે ૫૦૦ રૂ., ૪૦૦ રૂ. અને ૩૦૦ રૂ. રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. તમામ સ્પર્ધકોને સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના આયોજનમાં નિસર્ગ સેન્ટરના હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## હવે બિન એન્જિનીયરીંગના વિદ્યાર્થીની સંખ્યા વધી જશે

અમદાવાદ, તા.૧૨

કેટ-૨૦૧૩ની પરીક્ષા પાસ કરી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદમાં પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓમાં એન્જિનીયરીંગ શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ઘટશે. કારણ કે દેશની અગ્રણ્ય મેનેજમેન્ટ સંસ્થા આઈઆઈએમ, અમદાવાદે પોતાની કેટલાક મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે જે મુજબ બિન એન્જિનીયરીંગ બેકગ્રાઉન્ડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા જે હાલ ૪ ટકા છે તે વધારીને ૧૮ ટકા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ નવી નીતિ હેઠળ કાર્ય અનુભવ કે પોષ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી વગરના વિદ્યાર્થીઓની સંખ્યા આઈઆઈએમ-અમદાવાદ ખાતેના પર્સનલ ઈન્ટરવ્યૂના રાઉન્ડમાં વધશે. કારણ કે ઈન્સ્ટિટ્યુટ કાર્ય અનુભવ કે માસ્ટર્સની ડિગ્રી માટે કોઈ વધારાના પોઈન્ટસ આપશે નહીં. હાલ નવી બેંચમાં ૨૭ ટકા વિદ્યાર્થીઓ ફ્રેશ ગ્રેજ્યુએટ્સ છે. ઈન્સ્ટિટ્યુટના જણાવ્યા પ્રમાણે ૨૦૧૨-૧૪ અને ૨૦૧૩-૧૫ની બેચમાં ૯૬ ટકા કરતા વધુ વિદ્યાર્થીઓ એન્જિનીયરીંગ બેકગ્રાઉન્ડ ધરાવે છે. આ આંકડો ઘટાડવા માટે આઈઆઈએમ-એ દ્વારા ૨૦૧૩માં બે મુખ્ય ફેરફાર કરવાની દરખાસ્ત રજુ કરાઈ છે. જેની બેચના કમ્પોઝિશન પર મોટી અસર પડશે.

આઈઆઈએમ-અમદાવાદ દ્વારા એપ્લીકેશન રેટિંગ ગણવાની ફોર્મ્યુલામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. અને પાંચ શૈક્ષમિક કેટેગરીમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને લેખિત ટેસ્ટ અને પર્સનલ ઈન્ટરવ્યૂ માટે સીધા શોટલીસ્ટ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આઈઆઈએમ અમદાવાદ એન્જિનીયરીંગ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓનો ગઢ બની ગઈ છે. જેમાં મોટાભાગના આઈઆઈટીના ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવામાં સફળ રહેતા હતા. જેના કારણે આઈઆઈએમ-અમદાવાદે ટીકાઓનો સામનો કરવો પડતો હતો. પરીણામે વિવિધ શૈક્ષણિક બેકગ્રાઉન્ડ ધરાવતા વિદ્યાર્થીઓને તક મેળવવાની આઈઆઈએમ-અમદાવાદની ઈચ્છાના કારણે આ ફેરફારની દરખાસ્ત રજુ કરવામાં આવી છે.

## પરીક્ષા પૂર્વ અભ્યાસક્રમ પૂર્ણ ન થાય તેવી સ્થિતિનું નિર્માણ

અમદાવાદ, તા.૧૨

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં હજુ પણ વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા હોવાથી હકીકત સામે આવી રહી છે. તેવામાં યુનિવર્સિટી દ્વારા પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય ધોરણે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી છે. જો કે સપ્ટેમ્બર માસનાં અંતમાં પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા લેવાની છે ત્યારે હવે માત્ર એક મહીના જેટલા ઓછા સમયમાં સાયન્સ કોલેજોમાં અભ્યાસક્રમ પૂર્ણ ન થાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ ચુક્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ચાલુ વર્ષ બીએસસીમાં એડમિશન લેવા માટે વિદ્યાર્થીઓનો ક્રેજ વધ્યો છે. જેના કારણે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા છતાં અનેક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા છે. જેનાં પગલે ગુજરાત યુનિવર્સિટી અને શિક્ષણ મંત્રી વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાત યુનિવર્સિટીએ સાયન્સમાં પ્રવેશ વંચિતો માટે કેન્દ્રીય પદ્ધતિ પ્રમાણે પ્રવેશ આપવાનું નક્કી કરાયું હતું. જેના બાદ અત્યારે યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે બીજી બાજુ યુનિવર્સિટી દ્વારા પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરીને પ્રથમ, ત્રીજા અને પાંચમાં સેમેસ્ટરની પરીક્ષા સપ્ટેમ્બર મહીનાનાં અંતમાં લેવાનું નક્કી કર્યુ છે. જેનાં પગલે પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા આડે માત્ર એક મહીના જેટલો જ સમય બચ્યો છે. ત્યારે બીજી બાજુ હજુ સાયન્સ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. પરીણામે પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા પહેલા સાયન્સ કોલેજોમાં અભ્યાસક્રમ પૂર્ણ ન થાય તેવી સ્થિતિ નિર્માણ થયું છે.

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર પરીવારનાં તેજસ્વી



વિદ્યાર્થીઓની સિધ્ધિઓને પુરસ્કૃત કરવા સંસ્થા તરફથી ૭મો પારિતોષિક વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી કેમ્પસ સે-૨૩ માં આવેલ ખીમજી વશરામજી હોલમાં બાળકોને મનોરંજન મળી રહે તે માટે ખ્યાતનામ જાદુગર ભરતભાઈ દ્વારા જાદુના પ્રયોગો બતાવવામાં આવ્યા હતા. હાજર સૌ મંડળના સભ્યોએ આ પ્રયોગોને અદભુત પ્રતિસાદ આપ્યો હતો. ત્યારબાદ સંસ્થાના આગેવાનોના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કુ. રીયા નિમાવત દ્વારા ગણેશ વંદના અને સ્વાગત નૃત્ય રજુ કર્યા બાદ પધારેલ મહાનુભાવો મગનદાદા કાકડીયા, પ્રદીપભાઈ ગગલાણી, કુંવરજીદાદા, કેતનભાઈ ધોળુ, જીલુભા ધાધલ, સી.એલ. મહેતા તેમજ આજ કાર્યક્રમનાં મુખ્ય અતિથિ પદે પ્રવિણભાઈ વધાસીયાનું (ગુજરાત જાહેર સેવા આયોગ, મેમ્બર) પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ ટ્રસ્ટનાં આ સાતમાં તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભમાં ધોરણ ૧ થી માંડી પી.જી. ડિપ્લોમામાં વિશિષે સિધ્ધિઓ મેળવેલ લગભગ ૧૭૬ જેટલા વિદ્યાર્થીઓને મહાનુભાવોના વરદ હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. ઈનામોત્સવમાં બાળકોના મનોરંજન માટે એક કવીઝ કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યુંહતું. કવીઝ કોન્ટેસ્ટમાં વિજયી તમામ બાળકોને પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભનું સમગ્ર સ્ટેજ સંચાલન જયશ્રીબેન ખેતીયાએ ખુબ જ સુંદર રીતે કર્યુ હતું. સંસ્થાના કારોબારી મેમ્બરોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. અંતે આભારવિધિ નરેન્દ્રભાઈ મંડીરે કરી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

# વિવાદ, કુલપતિ અને ગુજરાત યુનિવર્સિટી

## કેમ્પસ

- ધ્વનિલ પારેખ

કોઇ વ્યક્તિ પોતાની કાર્યપ્રણાલીને કારણે વિવાદનો પર્યાય બની જાય તો? વળી, એ વ્યક્તિ શૈક્ષણિક સંસ્થાના વડા હોય તો? વાચક મિત્રો, આ બંને પ્રશ્નો કયા સંદર્ભે આજે અહીં ઉપસ્થિત કર્યા છે એનો ખ્યાલ આપને આવી ગયો હશે, હા, વાત ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ આદેશ પાલની છે. ૮ ઓગસ્ટે ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા એમનું રાજીનામું લેવામાં આવ્યું. પોતાના કાર્યકાળ દરમિયાન કુલપતિનું રાજીનામું લેવામાં આવ્યું હોય એવું ગુજરાત યુનિવર્સિટીમાં આ પહેલીવાર બનવા પામ્યું છે.

ગુજરાત યુનિવર્સિટી ગુજરાતની મોટી યુનિવર્સિટી છે અને એની એક પ્રતિષ્ઠા હતી. આ કોલમમાં અગાઉ આ યુનિવર્સિટીના ભવ્ય કુલપતિઓની ચર્ચા આપણે કરી ચૂક્યા છે એટલે એનું પરિવર્તન નથી કરવું... પણ હવે એ પ્રતિષ્ઠાનું સતત ધોવાણ થઇ રહ્યું છે. અખબારનો એક પણ દિવસ એવો નહીં હોય કે એમાં યુનિવર્સિટીના વિવાદાસ્પદ સમાચારો પ્રાપ્ત ન થતા હોય! આદેશ પાલની કુલપતિ તરીકેની નિયુક્તિ પછી તો એ પ્રકારના સમાચારમાં સતત વધારો થતો રહ્યો હતો. આમ, તો કુલપતિ તરીકેની એમની નિયુક્તિ વખતે જ ઘણો હોબાળો થયો હતો પણ શિક્ષણ વિભાગે એ વખતે એ હોબાળો ધ્યાને નહોતો લીધો.

પાટણ યુનિવર્સિટીના અંગ્રેજી શિક્ષણ વિભાગના અધ્યક્ષ આદેશ પાલ બે વખત સસ્પેન્ડ થઇ ચૂકયા હતા. એવું અખબારો કહે છે, જો આ વિગત સત્ય અને તથ્યયુક્ત હોય તો શિક્ષણ વિભાગે એ વિગત નજરઅંદાઝ કેવી રીતે કરી? આ પ્રકારની વિગતની અવગણના કરવાનું શિક્ષણ વિભાગને જ ભારે પડ્યું અને એ પછી ગુજરાત યુનિવર્સિટીમાં વિવાદની પરંપરા સર્જાવા લાગી. ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિની મુલાકાત લેનારને આ વાતનો અવશ્ય અનુભવ હશે કે કુલપતિને મળવું એ લોઢાના ચણા ચાવવા કરતા પણ અઘરી બાબત છે. કંઇ કેટલાયે કેટલી લપેદો ત્યારે કુલપતિની મુલાકાત થઇ શકે. એમાં વધારો આદેશ પાલે કર્યો. એમણે એમની અંગત સલામત માટે યુનિવર્સિટીના ખર્ચે બાઉન્સર રાખ્યા. ગુજરાતના શૈક્ષણિક ઇતિહાસમાં પણ આ એક આશ્ચર્યજનક ઘટના હતી કે કોઇ યુનિવર્સિટીના કુલપતિ બાઉન્સરોને સાથે રાખે. આ એક જ વિવાદ નહોતો, આ તો વિવાદનો પ્રારંભ હતો.

આદેશ પાલે યુનિવર્સિટીના ખર્ચે પોતાના બંગલે સ્વિમિંગ પુલ બાંધવાનું શરૂ કર્યું ત્યારે આ વ્યક્તિ સાથે સંકળાયેલા વિવાદો ચરમસીમાએ પહોંચ્યા. યુનિવર્સિટીની જે કાર્યપ્રણાગી હોય એને બાજુ પર મુકીને મનસ્વી વર્તન દ્વારા આદેશ પાલ વિવાદોને આમંત્રણ આપતા રહ્યા. શિક્ષણ વિભાગ, સેનેટ, સિન્ડીકેટ આ સૌની અવગણના કરીને એકહથ્થુ શાસન ચલાવવાનું ભારે પડ્યું. સ્વિમિંગ પુલનું બાંધકામ શિક્ષણ વિભાગ દ્વારા અટકાવવામાં આવ્યું. આ પ્રકારના કામ માટે સિન્ડીકેટ, શિક્ષણ વિભાગ વગેરેની મંજૂરી લેવાની હોય છે. એ મંજૂરી લીધા વિના આદેશ પાલે ઘણાં નિર્ણયો પોતાની રીતે કર્યા અને એ બધા નિર્ણયો આખરે તો એમની સામે આવીને ઊભા રહ્યાં. શિક્ષણ વિભાગે સ્વિમિંગ પુલનું બાંધકામ અટકાવ્યું ત્યારે જ થયું હતું કે શિક્ષણ વિભાગ અને આદેશ પાલ વચ્ચે ગજગ્રાહ શરૂ થયો છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વાતની ગંભીર નોંધ લીધી અને એમની ગંભીરતાનો ૮ ઓગષ્ટ, ૨૦૧૩ના દિવસે પડઘો પડ્યો અને આદેશ પાલે ફરી પાટણની દિશા પકડવી પડી.

યુનિવર્સિટીના કુલપતિ શિક્ષણના હિતમાં મનસ્વી નિર્ણયો કરતા હોય તો એક તબક્કે એ સમજી પણ શકાય. પણ સતત પોતાના અંગત સ્વાર્થ ખાતર નિર્ણયો કરવા પડે એ માટે યુનિવર્સિટીની તિજોરી ખાલી કરવી પડે, પોતે જ સર્વાસત્તાધીશ છે એવા અહમ્‌માં રાચવાથી આખરે તો વ્યક્તિને નુકશાન જ થતું હોય છે. ને એમાં શિક્ષણનું દેવાળું ફૂકાતું હોય છે. આદેશ પાલ ફરી પોતાના વિભાગમાં ગોઠવાઇ ગયા છે. ગુજરાત યુનિવર્સિટી હાલ તો કાર્યકારી કુલપતિ મુકુલ શાહના હાથમાં છે. વાત તો એવી પણ સાંભળવા મળી હતી કે ઉપકુલપતિ તરીકે મુકુલ શાહનું રાજીનામું પણ લેવામાં આવ્યું હતું પણ વાતમાં તથ્ય નહોતું અને એમને કાર્યકારી કુલપતિ બનાવવામાં આવ્યાં. બહું ટૂંકાગાળામાં ગુજરાત યુનિવર્સિટી માટે નવા કુલપતિ શોધવાની પ્રક્રિયા શિક્ષણ વિભાગે શરૂ કરવી પડશે અને ત્વરાથી નવા કુલપતિને ગુજરાત યુનિવર્સિટીનો હોદ્દો સોંપવો પડશે. આદેશ પાલના દૃષ્ટાંત પરથી શિક્ષણ વિભાગ ધડો લઇને ગુજરાત યુનિવર્સિટીની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરે એવી વ્યક્તિની નિમણૂંક કરીને આદેશ પાલના કિસ્સામાં કરેલી ભૂલને સુધારે એ જરૂરી છે.